# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-10-2026** **Evening: 7.50 TO 8.00**
**Day: Thursday** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) નવી દિલ્હીમાં UPSCના શતાબ્દી સમારોહને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, પરીક્ષા પ્રણાલીએ સમયની નિશ્ચિતતાના સિદ્ધાંતનું પાલન કરવું જોઈએ.
2) સરકારે આ મહિનાની 15 તારીખથી ખાંડના વેપારીઓ માટે સંગ્રહ માટેનો સમયગાળો ઘટાડીને 15 દિવસ કર્યો.
3) મહારાષ્ટ્રની સહકારી બૅન્કમાં અંદાજે 242 કરોડ રૂપિયાની છેતરપિંડી મામલે EDના નવ સ્થળ પર દરોડા
4) સંયુક્ત અરબ અમીરાતના એટર્ની જનરલે ફ્લાયદુબઈની ઉડાન એફ-ઝેડ 1073 સાથે સંબંધિત ઘટનાની તપાસના આદેશ આપ્યા.
5) જાપાન એશિયન ગેમ્સમાં પાકિસ્તાનને હરાવી ભારત હૉકીની ફાઈનલમાં પહોંચ્યું.

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW PM UPSC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશ રિફોર્મ એક્સપ્રેસ પર ઝડપથી આગળ વધી રહ્યો છે અને પરીક્ષાનું આયોજન કરતી સંસ્થાઓએ પણ આવા પરિવર્તન પર કામ કરવું જોઈએ, જેની દેશને જરૂર છે. નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે કેન્દ્રીય જાહેર સેવા આયોગ – UPSCના શતાબ્દી સમારોહને સંબોધતા શ્રી મોદીએ કહ્યું , યુવાઓના ભવિષ્ય સાથે જોડાયેલી હોવાથી પરીક્ષાને માત્ર એક આયોજન ન માનવું જોઈએ. શ્રી મોદીએ કહ્યું, પરીક્ષા પ્રણાલીએ સમયની નિશ્ચિતતાના સિદ્ધાંતનું પાલન કરવું જોઈએ.

પ્રધાનમંત્રીએ કહ્યું , UPSCની 100 વર્ષની યાત્રામાં પેઢીઓ , સરકારો, ટેક્નિક અને અભ્યાસક્રમ બદલાયા છે , પરંતુ આ સંસ્થા પર વિશ્વાસ પહેલા જેવો જ અતૂટ જળવાઈ રહ્યો છે. શ્રી મોદીએ એવા યુવાઓને લોકસેવામાં લાવવાની જરૂર ભાર આપ્યો જે સરકારી પદ માટે નહીં, પરંતુ જ જાહેરસેવા માટે પ્રેરીત હોય.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) UPSC**

***<u>हमारी सिविल सर्विसेस से भी नए बदलाव की मांग करती है। इसलिए हमें अपने सिलेक्शन पैरामीटर्स और रिक्रूटमेंट प्रोसेस को भी भविष्य की जरूरतों के अनुरूप बनाना होगा। हमें ऐसे युवाओं को पब्लिक सर्विस में लाना होगा जो पब्लिक ऑफिस से नहीं पब्लिक सर्विस से आकर्षित हों। इसलिए जरूरी है कि रिक्रूटमेंट की परीक्षा सिर्फ यह न परखे, कैंडिडेट कितना जानता है बल्कि वह यह भी देखे कि वह युवा सिविल सर्विसेज में आना क्यों चाहता है।</u>***

# GOVT SUGAR

સરકારે ખાંડની  સંગ્રહખોરી રોકવા અને ગ્રાહકોને સરળતાથી પૂરવઠો સુનિશ્ચિત કરવા આ મહિનાની 15 તારીખથી ખાંડના વેપારીઓ માટે સંગ્રહ માટેનો સમયગાળો ઘટાડીને 15 દિવસ કર્યો. સંગ્રહમર્યાદા પણ એક હજાર ક્વિન્ટલ નક્કી કરવામાં આવી.

ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યું , બદલતા નિયમો અંતર્ગત કોલકાતા અને તેની આસપાસના મેટ્રોપોલિટન વિસ્તાર તથા આસામ માટે સંગ્રહની મર્યાદા બે હજાર ક્વિન્ટલ નક્કી કરવામાં આવી. મંત્રાલયે જણાવ્યું , ખાંડના સરેરાશ છૂટક ભાવમાં ઑગસ્ટથી સૌથી વધુ 15 ટકાનો ઘટાડો નોંધાયો અને ભાવ હજી ઘટવાની આશા છે.

# ED MAHARASHTRA

પ્રવર્તન નિદેશાલય – ED મહારાષ્ટ્રના યવતમાલમાં બાબાજી ડેટ મહિલા સહકારી બેન્ક લિમિટેડ સાથે જોડાયેલા મની લોન્ડરીંગ કેસમાં નવ સ્થળ પર તપાસ અભિયાન ચાલી રહ્યું છે. EDના જણાવ્યા મુજબ , છેતરપિંડી અને થાપણદારોના નાણાનો દુરુપયોગની ફરિયાદો બાદ રિઝર્વ બેન્કે વર્ષ 2022માં બેન્કનું લાયસન્સ રદ કર્યું હતું.

મહારાષ્ટ્ર સરકારના નિર્દેશ પર કરાયેલા વિશેષ ઓડિટમાં અંદાજે 242 કરોડ રૂપિયાની છેતરપિંડી સામે આવી હતી.

# BANK HOLIDAY FAKE NEWS

સરકારે સ્પષ્ટતા કરી છે કે , જાહેર ક્ષેત્રની બેન્કમાં તમામ શનિવારે જાહેર રજા આપવાની વાત જણાવતું સોશિયલ મીડિયા પર પ્રસારિત થઈ રહેલું રાજપત્ર જાહેરનામું ખોટું છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો – P.I.B.ના તથ્ય તપાસ એકમે જણાવ્યું , નાણા મંત્રાલય દ્વારા આવું કોઈ જાહેરનામું બહાર પડાયું નથી. એકમે લોકોને કોઈ પણ માહિતી પર વિશ્વાસ કરતા પહેલા હંમેશા સત્તાવાર સ્ત્રોતમાં તેની પુષ્ટિ કરી લેવા આગ્રહ કર્યો છે.

# MURUGAN SWACHCHHATA HI SEWA

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગન આજે નવી દિલ્હીમાં ભારતીય જનસંચાર સંસ્થામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. તેમણે કહ્યું, સમગ્ર દેશમાં લોકો આ આંદોલનનો ભાગ બની ગયા છે. ડૉ. મુરુગને કહ્યું , દરેક ભારતીયને આંગણવાડી કેન્દ્રો , મંદિરો, સંસ્થાઓ અને અન્ય જાહેર સ્થળો સહિત તમામ જગ્યાએ સ્વચ્છતા સેવાના માધ્યમથી યોગદાન આપવું જોઈએ.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NAIDU SMIT MACHHAR

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ કહ્યું , વિમાનના યાત્રીઓનો જીવ બચાવવા કેપ્ટન સ્મિત મછારની હિમ્મત અને તેમની સમજદારી પર દેશને ગર્વ છે. શ્રી નાયડુએ કહ્યું, ભારતીય પાયલટે પોતાની કુશળતા, શિસ્ત અને સલામતી પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા માટે સન્માન મેળવ્યું છે. તેમણે સેવા પ્રત્યેના તેમના અતૂટ સમર્પણ બદલ શ્રી મછારના વખાણ કર્યા.

(BYTE: K. RAMMOHAN NAIDU, UNION CIVIL AVIATION MINISTER)

# UAE INVESTIGATION

સંયુક્ત અરબ અમીરાતના એટર્ની જનરલે ફ્લાયદુબઈની ઉડાન એફ-ઝેડ 1073 સાથે સંબંધિત ઘટનાની તપાસના આદેશ આપ્યા. ગઈકાલે આ વિમાન દુબઈથી તેલ અવીવ જઈ રહ્યું હતું , પરંતુ માર્ગ બદલીને તેને સાઉદી અરબના તબુકમાં સુરક્ષિત ઉતારવામાં આવ્યું. તપાસમાં ઘટના સાથે જોડાયેલા તથ્યો અને પરિસ્થિતિઓ તેમજ આ ઘટનાનો સંબંધ કોઈ આતંકી પ્રવૃત્તિઓ સાથે હતો કે પછી તેમાં પહેલાથી જ કોઈ યોજના સામેલ હતી તેની તપાસ કરાશે.

ઘટના દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવા છતાં કેપ્ટન સ્મિત મછારે કૉકપિટનો દરવાજો ખોલી દીધો. ત્યારબાદ પ્રવાસીઓ અને ચાલક દળના સભ્યોએ હુમલાખોરને કાબૂમાં કર્યો અને મોટી વિમાન દુર્ઘટનાને ટાળવામાં મદદ મળી. ભારતીય અધિકારીઓએ કેપ્ટનની હિમ્મત અને લોકોના જીવ બચાવવાના પ્રયાસની પ્રશંસા કરી. જ્યારે ફ્લાયદુબઈએ જણાવ્યું, તપાસ ચાલુ રહે ત્યાં સુધી ઈઝરાયેલ માટે અને ત્યાંથી તેમની ઉડાન રદ રાખશે.

# ASIAN GAMES HOCKEY

જાપાન એશિયન ગેમ્સમાં ભારત પાકિસ્તાનને હરાવી હોકીની ફાઈનલમાં પહોંચ્યું. છેલ્લી મિનિટમાં અભિષેકના ગોલની મદદથી ભારતે પાકિસ્તાનને ચાર-ત્રણથી મ્હાત આપી. ભારતે પહેલા હાફમાં ત્રણ ગોલ કરીને ત્રણ-શૂન્યની સરસાઈ મેળવી લીધી હતી, પરંતુ બીજી હાફમાં બંને ટીમનો સ્કોર એક સરખો થઈ ગયો હતો. છેલ્લી મિનિટમાં અભિષેકે ગોલ કરીને ભારતને ફાઈનલમાં પહોંચાડ્યું.

દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ એશિયન ગેમ્સમાં સ્ક્વૉશની મહિલા ટી મ શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ ભારતીય સ્ક્વૉશ ખેલાડી અનાહત સિંહ , તન્વી ખન્ના, જોશના ચિનપ્પા અને શમીના રિયાઝને અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું , તેમના સામૂહિક પ્રયાસથી ભારતને સ્ક્વૉશમાં વધુ એક ચંદ્રક મળ્યો.

# PM 25 YEARS NATIONAL WAR POLICE MEMORIAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તેમની આ યાત્રા જનસેવાથી દેશસેવાના મંત્રની ભાવનાથી પ્રેરીત રહી છે. આ સેવા અને સુશાસનના વિચાર સાથે સરકાર વર્ષ 2047 સુધી વિકસિત ભારતના લક્ષ્યની દિશામાં કામ કરી રહી છે. આ વિશેષ શ્રૃંખલામાં આજે અમે આપને જણાવીશું કે , કઈ રીતે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક અને રાષ્ટ્રીય પોલીસ સ્મારકના નિર્માણ દ્વારા આ દ્રષ્ટિકોણને સાકાર કરાયો.

## (CAPSULE: SAMEER ANSARI)

*(જાન્યુઆરી 2019માં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની સ્થાપના કરવામાં આવી હતી. ઇન્ડિયા ગેટ પાસે બનેલું આ સ્મારક સ્વતંત્રતા પછીના યુદ્ધોમાં સર્વોચ્ચ બલિદાન આપનારા ભારતીય સશસ્ત્ર દળોના સૈનિકોના સન્માનમાં સમર્પિત છે. મુખ્ય સ્મારક ઉપરાંત અહીં એક સમર્પિત વિસ્તાર છે, જ્યાં યુદ્ધમાં દેશના સર્વોચ્ચ શૌર્ય પુરસ્કાર 'પરમ વીરચક'થી સન્માનિત 21 સૈનિકોની પ્રતિમાઓ આવેલી છે. વર્ષ 2019માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પરથી પ્રસારિત થતા તેમના 'મનકી બાત' કાર્યક્રમમાં કહ્યું હતું કે, આ સ્મારક દેશના બહાદુર સૈનિકોની શૌર્ય ભાવનાનું પ્રતીક છે.)*

*(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)*

*આકાશવાણી સમાચાર સાથે વાત કરતા દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થી આદિત્યએ કહ્યું, આ સ્મારક આપણને યાદ અપાવે છે કે, આપણા સૈનિક દેશની રક્ષા માટે પોતાના જીવની પણ ચિંતા નથી કરતા*

*(BYTE: ADITYA)*

*પ્રધાનમંત્રીએ વર્ષ 2018માં પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે દેશને રાષ્ટ્રીય પોલીસ સ્મારક પણ સમર્પિત કર્યું હતું . આ સ્મારકમાં ફરજ દરમિયાન શહીદ થયેલા પોલીસ જવાનોના નામ કોતરવામાં આવ્યા છે.*

*સમીર અન્સારી, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*